## ડાયરેક્ટ ❤ સે

જીવનમાં
કોઈપણ પરિસ્થિતિ આવે
અંત છે એમ ન સ્વીકારવું
કારણ કે
તૂટેલા મકાનની
ઈંટોમાંથી પણ
નવું મકાન
બનાવી શકાય છે

## જન્મદિને વધામણી



બી જે શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## જિલ્લાકક્ષાનો સ્પેશિયલ ખેલ મહાકુંભ ૩૧મીએ ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૯

સ્પેશિયલ ખેલ મહાકુંભ-૨૦૧૮ ( એમ.આર) અંતર્ગત જિલ્લા કક્ષા ભાઈઓ/બહેનોની સ્પર્ધાનું આયોજન તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં જે શાળા કે સંસ્થાના ખેલાડીઓએ સ્પર્ધામાં ભાગ લેવા રજસ્ટ્રેશન કરાવ્યું હોય તેના ખેલાડીઓએ તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ સવારના ૮.૦૦ કલાકે પી. કે. ચૌધરી આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે રીપોર્ટિંગ કરાવવાનું રહેશે. આ માટે સ્પેશિયલ ઓલમ્પીક ભારત- ગુજરાતના જિજ્ઞેશ રાવલ (૯૮૯૮૭ ૮૭૫૨૦) અને પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના વ્યાયામ શિક્ષક વિનુભાઈ ચૌધરી (૯૪૨૮૩ ૮૯૯૬૩)નો સંપર્ક કરવા માટે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ગાંધીનગરમાં સ્થાપિત અને રાજ્યભરમાં સ્કૂલ્સનું સંચાલન કરતા

# રંગોલી ગ્રૂપને ઍવોર્ડની હારમાળા







ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની પોતાની અને સમગ્ર રાજ્યમાં ૬૫ કરતાં વધારે સ્કૂલો દ્વારા બાળકોને સર્વોત્તમ શિક્ષણ આપતી સંસ્થા રંગોલી ગ્રૂપ ઑફ ઈન્સ્ટીટ્યુટ્સ (રંગોલી પ્રિ સ્કૂલ્સ અને રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ)ને શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ અલગ અલગ સંસ્થાઓ દ્વારા ઍવોર્ડ્સ આપી સન્માનિત કરવામાં આવી છે.

દેશના પ્રતિષ્ઠિત મીડિયા ગ્રૂપ ટાઈમ્સ ગ્રૂપ દ્વારા અમદાવાદ ખાતે ગત ઑગષ્ટ માસ દરમિયાન ટૉપ ઍજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ્સને સન્માનિત કરવામાં આવી હતી, જેમાં રંગોલી ગ્રૂપને પ્રિ સ્કૂલ ચેઈન ઑફ ધ યર સહિત કુલ ૬ કેટેગરીમાં ઍવોર્ડ્સ પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત દિલ્હી સ્થિત પ્રતિષ્ઠિત મીડિયા હાઉસ ઈલેટ્સ મીડિયા (ડીજીટલ લર્નિંગ મેગેઝિન) દ્વારા રંગોલી પ્રિસ્કૂલને ‘પ્રિસ્કૂલ ચેઈન ઓફ ધ યર-વેસ્ટર્ન ઈન્ડિયા’નો ઍવોર્ડ આપવામાં આંવ્યો હતો.

રંગોલી ગ્રૂપની સાથે સાથે તેના દૂરંદેશી સંસ્થાપકોને પણ પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા શિક્ષણક્ષેત્રે યોગદાન બદલ ઍવોર્ડ્સ પ્રાપ્ત થયા હતા. સંસ્થાના ચૅરમૅન પ્રહર અંજારિયાને દેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી એવી નિરમા યુનિવર્સિટી ખાતે નિરમા ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી અલ્યુમની ઍસોસિએશન દ્વારા આયોજિત ફંકશનમાં ‘બેસ્ટ અલ્યુમની૨૦૧૮’ ઍવોર્ડ આપવામાં આવ્યો હતો.

ગ્રૂપના ડિરેકટર અને રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનાં પ્રિન્સિપાલ અનામિકા અંજારિયાને શેપિંગ ઈન્ડિયા દ્વારા સુલોચના દેવી સિંઘાનિયા સ્કૂલ, થાણે ખાતે આયોજિત ફંકશનમાં નાની ઉંમરે શિક્ષણ ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન બદલ ‘યંગેસ્ટ એચિવર’ ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો.

ગાંધીનગરની પ્રતિભાઓ દ્વારા ગાંધીનગર ખાતેથી જ શરૂ થયેલી એક સંસ્થા જ્યારે રાષ્ટ્રીય સ્તરે ઓળખ પ્રાપ્ત કરે ત્યારે એ સમગ્ર શહેર માટે એક ગૌરવ લેવા જેવી બાબત છે.



ગાંધીનગર, તા. ૨૯

અખંડ ભારતની આગવી વૈશ્વિક ઓળખ સમા અને દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલની દિવ્ય શ્રદ્ધાંજલીરૂપે નિર્મિત સ્ટેચ્યુ ઑફ યુનિટીનું જ્યારે અનાવરણ ૩૧ ઑક્ટોબરે વડાપ્રધાનના હસ્તે થઈ રહ્યું છે ત્યારે તેની યાદગીરી રૂપે સરદાર સાહેબની પ્રતિક પ્રતિમાને આજે ગાંધીનગરના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સંતો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના ટ્રસ્ટી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામી અને ડિરેક્ટર ધર્મેશ વંડરા દ્વારા પ્રતિક પ્રતિમાને ફુલહાર વિધિ કરાયો હતો. સૌએ એક ભારત, અખંડ ભારતના નારા સાથે સમગ્ર વાતાવરણમાં રાષ્ટ્રભાવના જગાવી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીક ખાતે ૩૧મી ઑક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત વિદ્યાર્થીઓને રાષ્ટ્રપ્રથમની ભાવના માટે અભિપ્રેરણ પૂરું પાડવામાં આવશે.

## સીબીઍસઈ વેસ્ટઝોન ટેક્વોનડો સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલનો ઉત્કૃષ્ટ દેખાવ



રેડરોઝ સ્કૂલ, બારસીયા રોડ, ભોપાલ ખાતે સીબીએસઈ વેસ્ટઝોન ટેક્વોનડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડીપીઍસ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ એક સિલ્વર મૅડલ તથા છ બ્રૉન્ઝ મૅડલ મેળવીને શાળા તથા પરિવારનું નામ રોશન કર્યું હતું. અમિષા મકવાણાએ સિલ્વર મૅડલ તથા કૃપલ પટેલ, આર્ચી પંચાસરા, પ્રિશા નેને, કુમાર આર્યન ગુપ્તા, સમીર નાયડુ અને ઓમ શાસ્ત્રીએ બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. શાળાના આચાર્ય અતનુ રથે વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### સરદાર વલ્લભભાઈ પટેલ મૅમોરિયલ સોસાયટીના ઉપક્રમે

## સરદાર પટેલની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત ચિત્રસ્પર્ધાનું આયોજન

### વિદ્વાનોનાં વક્તવ્યો અને થ્રીડી શો પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ, અમદાવાદના ઉપક્રમે સરદારની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકળા સ્પર્ધાનું આયોજન બપોરે ૩થી ૫ દરમિયાન યોજવામાં આવ્યું છે, જેમાં વિવિધ સ્કૂલ્સના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

ચિત્રકળામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પૈકી દરેક ગૃપમાંથી શ્રેષ્ઠ ચિત્ર દોરનારને પ્રોત્સાહન રૂપે ઈનામો આપવામાં આવશે. ઉપરાંત સરદારના જીવન-કવન ઉપર વિદ્વાન વક્તાઓનું વક્તવ્ય પણ યોજાશે. કાર્યક્રમ બાદ સાંજે સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસ દર્શાવતો ધમાકેદાર થ્રીડી શો દર્શાવવામાં આવશે, તેમ સંસ્થાના મહામંત્રી આર એસ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે. આ દિવસે મ્યુઝિયમ અને થ્રીડી શો જનતા માટે નિઃશુલ્ક રહેશે.

## આજે ગાંધીનગરમાં સંસ્કૃત નાટક ભજવાશે

### બિમલ પાટીલ દિગ્દર્શિત, સંગીત નાટક અકાદમી દ્વારા પ્રસ્તુત નાટક માણવા સૌ નાટ્યરસિકોને આમંત્રણ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી અમદાવાદના નાટ્યકાર બિમલ પરમાર (પાટીલ) દ્વારા મહાકવિ કાલિદાસના સંસ્કૃત નાટકની પ્રસ્તુતિ મંગળવારે કરવામાં આવી રહી છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જે એમ ભટ્ટના માર્ગદર્શનમાં તા. ૩૦ ઑક્ટોબર ને મંગળવારે રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે આ નાટકનું મંચન થઈ રહ્યું છે. આ પ્રસંગે અતિથિ તરીકે અનુ. જાતિ મોરચો, કર્ણાવતીના ઉપપ્રમુખ હરીશભાઈ રાજન, દાણીલીમડા વોર્ડના મહામંત્રી રમેશભાઈ જાદવ, કર્ણાવતી શહેર કારોબારીના સભ્ય હસમુખ સોખડીયા અને ગાંધીનગરના નાટ્યકાર-પત્રકાર કુંતલ નિમાવત ઉપસ્થિત રહેશે.

મહાકવિ કાલિદાસની અમર કૃતિ ‘અભિજ્ઞાન શાકુન્તલમ્’ ગાંધીનગરના મંચ પર નાટ્યસ્વરૂપે ભજવાઈ રહી છે. નાટકના દિગ્દર્શક બિમલ પરમાર અને સહ દિગ્દર્શક શંકર ગુમાને છે. જીમી, હેલી, મોહિત, કર્ણ, અતીરા, નીતા, નિઝામી, ધવલ, મુદ્રેશ, સાજીદ, સતીષ, વિનુ, મૃણાલ, હિતાર્થ, મીની, મોહન, અર્પિત, શૌર્ય, મોહન અને યોગિની આ નાટક માટે પોતાનો અભિનય આપી રહ્યાં છે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી, રસિકજનો નાટકને નિઃશુલ્કપણે નિહાળી શકે છે. બિમલ પાટીલ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તરફથી સૌ નાટ્યરસિકોને આ નાટક માણવા માટે જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ સમયે

# ૩૩ રાજ્યોના કલાકારો દ્વારા ભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની કેવડીયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રર્પણ કરશે. આ વેળાએ દેશભરના ૩૩ રાજ્યોના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય રંગારંગ કાર્યક્રમ યોજાશે. સાથે-સાથે આર્મ ફોર્સિસ, પેરા મીલીટરી ફોર્સિસ અને રાજ્ય પોલીસ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો યોજાશે

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી ઉત્સાહપૂર્વક કેવડીયા કોલોની, નર્મદા ખાતે કરવામાં આવનાર છે જેમાં ભારતની આંતરિક અને સરહદીય સુરક્ષા જેના ખભા પર છે તેવા ગુજરાત પોલીસ દળ, એસ. આર. પી. એફ., સી. આર. પી. એફ., આર્મી, નેવી અને એર ફોર્સના ૭ Ceremonial Bands દ્વારા સાંગીતિક પ્રસ્તુતિ થશે. ઉપરાંત ભારતવર્ષમાંથી ૨૯ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રેષ્ઠ સાંસ્કૃતિક વૃંદો પોતાની સાંસ્કૃતિક ધરોહરની પ્રસ્તુતિ દ્વારા જ્યારે વડાપ્રધાનશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કરવા આગળ વધશે ત્યારે વડાપ્રધાનશ્રી સહિત મહાનુભાવોનું સ્વાગત કરશે.

સૌ પ્રથમ ગુજરાત પોલીસના બ્યુગલર્સ દ્વારા મહાનુભાવોનું ઊદ્મર્ઙ્દ્વી મ્ઙ્હઙ્ઘ્ થી સ્વાગત કરાશે. ત્યારબાદ, વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે Wall of Unityનું લોકાર્પણ કરશે. ત્યારબાદ, સમગ્ર દેશમાંથી પધારેલા સાંસ્કૃતિક જૂથો એક પછી એક પ્રસ્તુતિ કરશે. જેમાં કેરલાનું પંચવાઘમ, તમિલનાડુનું દમી હોર્સ, કારાગમ, કાવડી, આંધ્રપ્રદેશનું ગરાગુલુ, પોંડિચેરીનું કેલીઅટ્ટમ, કર્ણાટકનું લેડીઝ, ઢોલુકુનિઠા- કોરબાના ભરવાડ સમાજના પુરૂષોનો ઢોલ સાથેનો વીરરસ દર્શાવતું નૃત્ય, તેલંગણાનું મથુરી નૃત્ય, છત્તીસગઢનું પંથી નૃત્ય, દમણનું મચ્છી નૃત્ય જેમાં મછવારા દરીયો ખેડી પાછા આવે ત્યારે તેના આનંદ ઉલ્લાસ પ્રકટ કરતું નૃત્ય, અરૂણાચલ પ્રદેશનું રીખ્ખમપડ, આસામનું બિહુ જેમાં, વસંતના આગમનના વધામણા અને માનવીય પ્રેમને



દર્શાવતું નૃત્ય, મેઘાલયનું વાંગલા, મિઝોરમના ચેરો નૃત્યમાં વાંસનો ઉપયોગ થતો હોવાથી બામ્બુ ડાન્સ તરીકે પ્રચલિત છે. વાંસને આડા સમાંતર રાખી બન્ને છેડે બે જુદી જુદી વ્યકિત તેને પકડે અને તાલબદ્ધ રીતે અથડાવી તેના તાલી નૃત્ય કરે છે, નાગાલેન્ડનું મકુહેનગીચી(વોર ડાંસ) ત્રિપુરાનું હોજાગીરી, સિક્કીમનું સંગહીચામ, પંજાબનું ભાંગડા, જમ્મુ કશ્મિરનું રૌફ નૃત્ય, હિમાચલપ્રદેશનું હિમાચલી નટી, ઝારખંડનું પૈકા, બિહારનું હોલી અને જલી જલા, ઓરીસ્સામાં ગોટીપુઆ-દેવદાસી અને મહારી પ્રથાની પડતી થતા નર્તક છોકરાઓ દ્વારા આ ઓડિસી નૃત્ય પ્રસ્તુત કરવામાં આવે છે. જેમાં અંગકસરત અને વ્યાયામના વિવિધ આસનોનો સમાવેશ થાય છે. હરીયાણાના ધુમર કે જેમાં હોલી, ગંગોદર પૂજા અને ત્રીજ જેવા તહેવારોમાં છોકરીઓ જે પરંપરાગત નૃત્ય કરે છે તે ઘુમર નૃત્ય તરીકે ઓળખાય છે. મધ્યપ્રદેશનું બંધાઈ નૃત્ય, ઉત્તરાખંડનું છાપેલી, રાજસ્થાનનું લાંગી ઘેર નૃત્ય જે હોલીના સમયે ખેલવામાં આવે છે. પગમાં ઘૂંઘરુ, સાફા સાથે ઢોલ અને થાલી પર યુદ્ધ કલાની પ્રસ્તુતિ નૃત્ય દ્વારા કરવામાં આવે છે. મણીપુરનું ઢોલ, ઢોલક, ચોલમ- જેમાં તલવાર અને ભાલાથી યુદ્ધકલાનું પ્રદર્શન નૃત્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવે છે. ગુજરાતનું સિદ્દી ધમાલ નૃત્ય, ગોવાનું મુસલ ખેલ, ઉત્તારપ્રદેશ/પશ્ચિમ બંગાળનું મયુર નૃત્ય અને પુરાલીયા. ગુજરાતનું જાનૈયા ઢોલ જેમાં ગુજરાતના લોકવાદ્ય ઢોલની પ્રસ્તુતિ, મહારાષ્ટ્રનું સાંગી મુખોટા, ગુજરાતના ડાંગી વાદ્યોમાં ડાંગ વિસ્તારના આદિવાસી જાતિના લોકો થકી લોકવાદ્યો દ્વારા પ્રસ્તુતી. ગુજરાતનું રાઠવા નૃત્ય જે આદિવાસી લોકનૃત્ય હોલી અને લગ્ન પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવે છે. જેમાં મોટા ઢોલ અને વાંસળીનો ઉપયોગ કરી સ્ત્રી અને પુરૂષો પરંપરાગત વેશભૂષામાં નૃત્યની પ્રસ્તુતિ કરે છે જેને યુનેસ્કો દ્વારા હેરીટેજ નૃત્ય પણ જાહેર કરાયું છે. આ તમામ નૃત્યો આવનાર મહાનુભાવો અને લોકના મન હરી લેશે.


રાજ્યોના સાંસ્કૃતિક ધરોહર સમા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ વડાપ્રધાનશ્રી સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ આગળ વધશે ત્યારે ભારત દેશની આન-બાન અને શાન સમા પોલીસ દળ અને સરહદોની સુરક્ષા કરતા સશસ્ત્રદળો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવે છે.

જેમાં ગુજરાત પોલીસ દ્વારા વંદે માતરમ, એસઆરપીએફ દ્વારા એ મેરે વતન કે લોગો, સીઆરપીએફ દ્વારા દેશો કા સરતાજ ભારત, બીએસએફ દ્વારા મેરા મુલ્ક મેરા દેશ, મેરા યે વતન, આર્મી દ્વારા કદમ કદમ બઢાયે જા, બીટ નં-૧ અને એરફોર્સ દ્વારા સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા જેવા ગીતોની પ્રસ્તુતિ કરીને રાષ્ટ્રભક્તિમય વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ પણ કરાયો છે ત્યારે આ રાષ્ટ્રભકિતમય સાંસ્કૃતિક કાર્યક્રમ માણવાનો અવસર લોકો માટે અનેરો બની રહેશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૧૮મો મણકો ॥**

કોર્ટમાં જજ ઘડી ઘડી તેમની સામે જુએ. ગાંધીજીએ એ જોયું ને તેમને થયું કે હું કોર્ટમાં નવો નવો આવ્યો છું તેથી ન્યાયાધિશ મારી સામે જુએ છે, તેથી તે ખુશ થઈને મલકાટ પણ આપે. આખરે ન્યાયાધિશથી ન રહેવાનું ને તેણે કહ્યું, ‘એ મિસ્ટર, તમારી પાઘડી ઉતારો.’ ગાંધીજીને આ પોતાના સન્માનની હાનિ લાગી. તેમણે કહ્યું, ‘સાહેબ, પાઘડી નહીં ઉતરે.’ ‘તો પછી કોર્ટ ખાલી કરો.’ ‘તમે કહેશો તો કોર્ટ ખાલી કરવા હું તૈયાર છું, પણ પાઘડી તો નહીં ઉતારું.’ એમ કહી ગાંધીજીએ કોર્ટ છોડી.



એ સમયે ત્યાં કોઈ ખબરપત્રી હાજર હશે ને તેણે આ સમાચાર પોતાના અખબારને આપ્યા. ગાંધીજી ઈંગ્લેન્ડમાં હતા ત્યારથી જ ત્રણ છાપાં નિયમિત વાંચતા. એ ટેવ તેમણે દક્ષિણ આફ્રિકામાંય જાળવી હતી. આ ઘટનાના બીજે દિવસે સવારે છાપું વાંચતાં ગાંધીજીની નજર એક મથાળા પર મંડાઈ. મથાળું હતું : વણનોંતર્યો મહેમાન. અનઈન્વાઈટેડ ગેસ્ટ. તેમને એ મથાળું વાંચીને નવાઈ લાગી ને એ સમાચાર વાંચ્યા ત્યારે ખબર પડી કે એમાં તો પોતાની જ વાત લખાઈ હતી. તેથી તેમણે તંત્રીને પત્ર લખ્યો. એ પત્રમાં તેમણે પોતાની ઓળખાણ કેવી રીતે આપી ? આજના તમારા અખબારમાં તમે જે વણનોંતર્યો પરોણાના સમાચાર લખ્યા છે તે હું. આમ કહી તેમણે પાઘડી કેવી રીતે ભારતમાં સન્માનનું પ્રતીક છે તે બાબતનો ખુલાસો કરી એમ પણ જણાવ્યું હતું કે કોર્ટનો અનાદર કરવાની મારી ઈચ્છા નહોતી. એ કાગળ પણ અખબારમાં છપાયો હતો.

ગાંધીજીએ આ ૨૦ વર્ષના ગાળામાં ૨૦૦ જેટલા પત્રો વિવિધ અખબારોના તંત્રીઓને લખ્યા હતા. જાણવા જેવી વાત એ છે કે એમાંથી એકેય પત્ર રિજેક્ટ થયો નહોતો. એનું કારણ હતું વિનય. ખુશામત કર્યા સિવાય પણ વિનયથી ભાષા વાપરી શકાય એ નાગરિકતાનું લક્ષણ પણ તેઓ ઈંગ્લેન્ડ પાસેથી શીખ્યા હતા.

ઈન્ડિયન ઓપીનિયન અખબાર તો તેમણે બહુ મોડું શરૂ કર્યું. પણ ડરબરનમાં તેમણે લખેલા આ પત્રથી તેમના પત્રકારત્વની શરૂઆત થઈ એમ કહી શકાય. દક્ષિણ આફ્રિકામાં પગ મૂક્યાના પહેલા જ અઠવાડિયામાં. આમ તો ઈંગ્લેન્ડમાં અભ્યાસકાળ દરમ્યાન રહેતા હતા ત્યારે ‘ધ વેજીટેરિયન’માં બે-ત્રણ લેખ તેમણે લખ્યા હતા અને પછી તો એવો કાળ આવ્યો કે ધ વેજીટેરિયનના તંત્રી થોડા સમય માટે બહાર જવાના હતા તો તેમણે ગાંધીજીને પત્ર લખીને જણાવ્યું હતું કે આ મેગેઝીનનું તંત્રીપદ તમે સંભાળો. અને ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં બેઠા બેઠા એ મેગેઝીનનું તંત્રીપદ પણ સંભાળ્યું હતું.

મોસ્ટ ક્રિએટીવ એક્સપિરીઅન્સ.

વકીલે તો પોતાના મોભા પ્રમાણે ફર્સ્ટ ક્લાસમાં જ મુસાફરી કરાય એમ વિચારીને ગાંધીજી ફર્સ્ટ ક્લાસની ટિકીટ લઈને ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસના ડબામાં બેઠા હતા. પાહેલાં કેળની વાડીઓ આવી. પહાડી રસ્તાઓ આવ્યા, ચ્હાની વાડીઓ આવી, કૉફીની વાડીઓ આવી. ટ્રેન પીટરમોરીસબર્ગ સ્ટેશને પહોંચી ત્યારે સાંજ પડી હતી. મે મહિનો હતો. કકડતી ઠંડી પડતી હતી. દક્ષિણ આફ્રિકા - દક્ષિણ ગોળાર્ધમાં આવેલો દેશ અને દરિયાની સપાટીથી ઉપર એટલે મે મહિનામાં ત્યાં ઠંડી ખૂબ પડે.

પીટરમોરીસબર્ગ નાતાલની રાજધાની. ટ્રેન ઉપડવાની તૈયારી હતી ને એક ગોરો પેસેન્જર ટ્રેનમાં ચડ્યો. પણ એક કાળા મુસાફરને ફર્સ્ટ ક્લાસના ડબામાં બેઠેલો જોઈ નામ ચડાવીને તે ચાલ્યો ગયો. તેણે જ અધિકારીને બોલાવ્યા. અધિકારી પણ એ જ વટમાં. તેણે ગાંધીજીને કહ્યું, ‘તમે પેલા ડબામાં બેસો.’ એ ડબો તો વળી કાર્ગોનો ડબો હતો, આપણે ત્યાં ગૂડ્ઝનો ડબો હોય લગભગ તેવો જ. ગાંધીજીએ વિનયથી કહ્યું કે મારી પાસે ફર્સ્ટ ક્લાસની ટિકીટ છે. ‘તમારે જવું છે કે હું પોલીસને બોલાવું ?’ પોલીસે વિચાર્યું કે જં કંઈ વાતચીત કરવાની છે તે તો અધિકારીએ કરી લીધી છે તેથી તેણે હાથ જ વાપર્યો. હાથ ખેંચીને તેણે ગાંધીજીને ટ્રેનની બહાર પાડ્યા. એટલામાં ટ્રેન ઉપડી, એટલે ચાલુ ટ્રેને એમનો સામાન બહાર ફેંક્યો.




એક તો કકડતી ઠંડી અને બીજું હડહડતું અપમાન. સામાન લેવા જઈશ તો વળી વધુ અપમાન થશે એમ વિચારીને તેઓ સામાનને પણ ન અડ્યા. માત્ર પોતાની એક હેન્ડબેગ હતી તે પકડીને બેસી રહ્યા. આખી રાત તેમણે મુસાફરખાનામાં કાઢી.

‘મારું જીવન એ જ મારી વાણી’ એ નામે ગાંધીજીનું જીવન ચરિત્ર જ્યારે મેં લખ્યું ત્યારે મેં દુનિયાનો આ ભાગ નહોતો જોયો. તેથી હું એ જોવા ગયો. હજી પીટરમારીસબર્ગ સ્ટેશનનું એ મુસાફરખાનું એવું જ છે, જેવું ગાંધી ત્યાં ગયા ત્યારે હતું. આખાય શહેરમાં કોઈ ઘર પર વાંકા ગોળ નળિયાં નથી, માત્ર આ મુસાફરખાના પર છે. મેં પૂછ્યું ‘કેમ આમ ?’ તો જવાબ મળ્યો કે ગાંધીજી અહીં આવ્યા ત્યારે જે સ્થિતિમાં આ મુસાફરખાનું છે તે જ સ્થિતિમાં એને સાચવી રાખવામાં આવ્યું છે.

આ સ્ટેશન પર ત્રણ જગ્યાએ પાટિયાં મૂક્યાં છે, જેમાં લખ્યું છે : આ પીટરમારીસબર્ગ સ્ટેશન એ છે જ્યાં ગાંધીના મનમાં સત્યાગ્રહના વિચારનાં બી રોપાયાં હતાં. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**